**SECOND TERMINAL EXMINATION – 2019**

**Std : 11th Sub : Gujarati (SL)**

**(Answer key)**

**(વિભાગ – A )**

**Date : 31/01/2019** **Marks : 50**

Ans.1) ઊર્મિકાવ્ય (01)

Ans.2) બહેનને ભાઈમાં રાજવીના લક્ષણ દેખાય છે. (02)

Ans.3) ઈશ્વરને ભવ્ય મંદિર બંધન જેવું લાગે છે.

Ans.4) વસંતનું આગમન બે રસ્તેથી થઈ રહયું છે. એક તો અંત્રે વસંતનું આગમન થઈ રહયું છે. અને બીજું ચમન–બાગમાં વસંતનું આગમન થઈ રહયું છે. એટલે કે કવિ વસંતના બે ફાંટા પડી ગયા છે એમ કહે છે. (02)

(04)

Ans.5) આ કાવ્યમાં કવિ પરમાત્મા પાસે એક જ ચિનગારીની ઝંખના કરે છે. જે જુદી જુદી રીતે ઝંખના કરે છે.પરમાત્માની મહાનતા બતાવવા જઈને કવિએ પરમાત્મા પાસે માંગણી કરી છે. પરમાત્મા પાસે તો મહાન મોટો અગ્નિનો સ્ત્રોત રહેલો છે. એમાંથી મને એક માત્ર ચિનગારી જ જોઈએ છે. ચકમક લોઢું ઘસતાં– ઘસતાં આખી જિંદગી ખરચી નાખી પણ મારી જામગરીમાં એક તણખો પણ ન પડયો, મારી મહેનત ન ફળી માટે મને એક જ ચિનગારી જોઈએ છે. ચાંદો – સૂરજ , આભ, અટારી સળગે છે પણ મારી સગડી ન સળગી માટે અને એક ચિનગારી જોઈએ. હું કશું જ વધુ માંગતો નથી માત્રને માત્ર એક ચિનગારીની ઝંખના પરમાત્મા પાસે માંગુ છું.

**અથવા**

Ans.5) ' રસ્તા વસંતના' કાવ્યમાં પ્રકૃતિનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. પૂરબહાર ખીલેલી વસંતનું આગમન કેવી રીતે થયું છે.તેનું ચિત્રણ કવિએ કર્યું છે. વસંતની અનેરી શોભા પ્રગટાવી છે. ડાળ ડાળ ઉપર ફૂલો પૂરબહાર ખીલ્યાં છે. દરેક ડાળ એ જાણે વસંતને આવવા માટેનાં રસ્તાઓ હોય એવું લાગે છે. અને આ ફૂલો છે એ વસંતના પગલાં છે. ફૂલો આવી ગયા એટલે એનો મતલબ એવો કે વસંત આવી ચૂકી છે. મલયાનિલ પવન પીછી લઈને ફૂલોને રંગી રહયો છે. રંગબેરંગી ફૂલો ખીલી રહયાં છે, આ વસંત માટેના વસંતને આવવા માટેનાં રસ્તા કોણ બનાવી રહયું છે.

વસંતના સૌદર્યને અનેરું બનાવવા માટે કવિએ યુવા હૈયાને પણ મૂકયું છે. યુવા હૈયું એટલે યુવાનીની વસંત યુવા હૈયામાં મંજરીઓ મહેકી રહે છે. એમના એક એક આંસુમાં મંજરીની મહેક આવે છે. એમની આંખોમાં વસંતના આંબા મ્હોર્યા છે.

## (વિભાગ – B )

Ans.6) મૌન એ જ વીરતા (01)

Ans.7) સતીત્વ વિનાની નારી ને યશ વિનાનો પુરુષ આ બંનેને કર્ણ અર્ધમૃત ગણાવે છે. (02)

Ans.8) ' ચકલીના માળે ગરૂડ પધાર્યા '' એમ ગગુભાએ હડાળાના રાજવી દરબારને કહયું.

(02)

Ans.9) લેખક કહે છે કે વાચાળમાં તો સુલભ છે. વાચાળ બનવા માટે પ્રયત્નો કરવાની જરૂર પડતી નથી. પરંતુ મૌન માટે સાધના કરવી પડતી હોય છે. પ્રયત્નો કરવા પડતા હોય છે. મૌન બધા જ રહી શકતાં નથી. પરિસ્થિતિ ઊભી થતાં માણસો મૌન તોડયા વગર રહી શકતા નથી એટલે જ લેખક કહે છે સંયમજન્ય મૌનમાં વીરતા છે.

(04)

Ans.10) કલ્યાણીના લગ્ન પછી જિદુનાથ સાવ નિરાધાર બની જાય છે. જિદુનાથનો દેહ સાવ જીર્ણ થઈ ગયો છે. જિદુનાથના મનમાં મૂંજવણ થવા લાગી. રાત પડતી જતી હતી. સાંજ પડયે કલ્યાણી દીવો સળગાવી જતી.રાત પડયે કોઈ ખૂણામાં ધૂપસળીની મહેક ફરકી જતી. રાત પડયે કોઈ ખૂણામાં ધૂપસળીની મહેક ફરકીઆવે છે. મીઠાં સંસ્મરણોમાં દાદાજી ખોવાઈ જાય છે. વિવશ બનતાં જાય છે. જિદુનાથ આ બધી વસ્તુને ભૂલવા માટે ખૂબ જ પ્રયત્નો કરે છે પરંતુ દાદાજી સફળ થતાં નથી. દુઃખભરી મધુર સ્મૃતિનો બોજ એમના મનને તંદ્રિત બનાવી દેતો હતો. જિદુનાથની આસપાસ અંધારા ઘેરાવા લાગ્યાં. પેલું નાનકડું વ્યાકુળ મોં વારે વારે જાણે કહી રહયું હતું. શા માટે મને દૂર મોકલી દો છો, દાદાજી ! તમને શું હવે મારે માટે સ્નેહ નથી રહયો ? મૃત્યુ પહેલાંની વેદનાનો બોજ એમના પર ખડકાવા લાગ્યો. આખરેજિદુનાથનું શરીર ઠેડું પડી જાય છે.

**અથવા**

Ans.10) અણદાને ઘરમાંથી ગાંડો ગણીને કાઢી મૂકવામાં આવે છે. ગામના છોકરાઓ અણદાને ગાંડો ગણીને પથ્થર મારે છે. એને પજવે છે છતાં અણદો ગુસ્સે થતો નથી. આખા ગામનો કચરો સાફ કરતો હોય છે. ગ્રામ પંચાયત અણદાને કચરો વાળવાનું મહેનતાણું આપતી નથી. છતાં અણદો સાફ–સફાઈનું કામ કરતો જ હોય છે. અણદો કોઈ જ અપેક્ષા વગર કામ કરતો હોય છે. ભૂખ લાગે ત્યારે ગામમાં જઈને ભીખ માંગી લાવે અને ખાય. કયારેક ભીખમાં વધુ ભીખ માંગી લાવે અને ભિખારીઓને વહેંચીને ખવડાવે.

ફાટેલા તૂટેલા કપડાં પહેરે પણ એ રપડાં સાફ–સૂથરા હોય . કોઈ એને કપડાં આપે તો એ કપડાં બીજા કોઈ જરૂરિયાત મંદ હોય એને આપી આવે છે. આખો દિવસ કામ કર્યા પછી થાકે એટલે વાંસળી વગાડે. ભાન ભૂલી જવાય એવી વાંસળી અણદો વગાડ તો અને અંતમાં અણદો આખો બદલાઈ જાય છે. ભીખ માંગવાનું છોડી મજૂરી કરીને જીવન જીવે છે.

## (વિભાગ – C )

Ans.11) એક માણસનું પાલતું કૂતરું ખરા બપોરે ભસતું હતું. (02)

Ans.12) ઝોળીમાંથી રોટલા કાઢીને વહેંચતો હતો.

**અથવા**

Ans.11) દેવકીએ અમને છાતી સરસાં ચાંપ્યા.

Ans.12) લગ્નના દિવસે જાનૈયાઓ આવી પહોંચ્યા.

(02)

Ans.13) જે પૂછે છે, એકબીજા પાસેથી જ્ઞાન મેળવે છે તે જ પંડિત બને. જીવનમાં જે વ્યકિત જ્ઞાન મેળવવા માંગતી હોય, જીવનમાં આગળ આવવા માંગતી હોય તેને હંમેશા એકબીજાના સહકાર મેળવવો પડતો હોય છે. માગ્યા વિના મા પણ પીરસતી નથી. તેમ પૂછયા વગર કોઈ આપણને કહેતું નથી. પૂછવાથી જ આપણને જ્ઞાન મળતું હોય છે. જે કોઈને પૂછતો નથી તે કોઈ જ પ્રગતિ કરી શકતો નથી. માટે જ કહેવાયું છે કે, 'પૂંછતા નર પંડિત' થાય.

Ans.14) ( જે મનમાં પડેલું હોય તે જ બહાર આવે, અથવા જે હૈયે હોય તે જ હોઠે આવે.)
સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે માણસના મનમાં જે પડેલું હોય તે બહાર આવ્યાં વગર રહેતું નથી. મનમાં જે વાતના બીજ રોપાયેલા હોય તે જ ઊગી નીકળતા હોય છે. ઘણીવાર મનમાં બીજી વાત ચાલતી હોય અને બીજા આગળ બીજી વાત કરતાં હોઈએ, પણ અંદર પડેલી વાત તો રજૂ થઈ જતી હોય છે. એટલે એવું કહેવાય છે કે ' અન્ન તેવો ઓડકાર ' આવ્યા વગર રહેતો નથી.

Ans.15) અર્થ – સંપૂર્ણ ન્યોછાવર થઈ જવું, ખૂબ મહેનત કરવી. (02)
વાકય– વિદ્યાર્થીએ પરીક્ષામાં પાસ થવા માટે જાત ઘસી નાખી.

Ans.16) અર્થ – ઊંઘ ન આવવી
વાકય– ભૂખ્યા માણસો આખી રાત પડખાં ઘસતા રહેતા હોય છે.

Ans.17) સુધી (01)

Ans.18) બાજુ, તરફ

Ans.19) કસબ – હુન્નર, કળા (01)

Ans.20) મનેખ – માણસ, લોક

Ans.21) પોતીકી, પોતાની (01)

Ans.22) અપમાન

Ans.23) અધિક (01)

Ans.24) શ્વાસ

Ans.25) ભાગ્ય + ઉદય (01)

Ans.26) સહ + આવાસ

Ans.27) ઉપપદ સમાસ યથાયોગ્ય દાન કરવું તે (01)

Ans.28) દ્રિગુ સમાસ દસ અવતાર

(04)

Ans.29) સૃષ્ટિમાં પુષ્પને ખીલવાની, પંખીને ઊડવાની અને ઝાડને ડાળીઓ હલાવવાની સ્વતંત્રતા છે. તેમને તેમ કરતાં કોઈ રોકતું નથી.

Ans.30) સરિતા અને જરણાં નિરંકુશપણે વહેવાનું કાર્ય કરે છે અને પવન જાણે નર્તન કરતો હોય તેમ સ્વતંત્ર રીતે મંદમંદ વહે છે. તેમને કોઈ આડો હાથ દઈને રોકતું નથી.

Ans.31) સિંધુ રોજ ભયંકર ઘુઘવાટા કરે છે અને પોતાનાં મોજાં ઊંચેઊંચે સુધી ઉછાળે છે છતાં તેના આવા બિહામણાં ગાનને કોઈ રોકતું નથી.

Ans.32) કવિએ કાવ્યના અંતે એ વાતનું વિસ્મય થાય છે કે સૃષ્ટિની તમામ પ્રકૃતિ સ્વતંત્ર છે ત્યારે એક માનવી જ કેમ ગુલામ છે ?

(04)

Ans.33) સત્યના ઉચ્ચારણ, ઘોષણા અને તેની શોધ મનુષ્યમાત્ર માટે સ્વાભાવિક છે. બાળકોમાં ઘણી વાર સમાજ અને મા બાપો અસત્યનિષ્ઠા જન્માવે છે.આમ છતાં સત્યનું બળ જ બાળકોને ગમે તેવા મૂંઝવનારા સંજોગોમાં પણ સત્ય બોલવાની ફરજ પાડે છે. અસત્યનિષ્ઠા સ્થિર થયા પછી તેને દૂર કરવાનો મનુષ્યે પ્રયત્ન કરવ પડે છે. સત્યનું બળ એવું અદ્‌ભુત છે કે અનિચ્છાએ પણ માણસને આખરે સત્યનો સ્વીકાર કરવો પડે છે.

Ans.34) નિબંધ લેખન : મુદ્દાઓ પ્રમાણે રજૂઆત – વ્યાકરણની દષ્ટિએ – ભાષાશુદ્ધિ પ્રમાણે ગુણ રહેશે. (08)

(04)

Ans.35)

અંકુર રામી<br>
નાગર શેરી,<br>
આણંદ. (ગુજરાત)<br>
તા.૧૪/૦૧/૨૦૧૯

પૂજ્ય પિતાજી,

સાદ્‌ર પ્રણામ, તમારો પત્ર આજે જ મળ્યો. તમે મમ્મી, સુનીતા, મીતા વગેરે કુશળ હશો. ગઈ કાલે જ પરીક્ષા પૂરી થઈ. બધાંજ પ્રશ્નપત્રો સારાં ગયા છે. ગણિત અને અંગ્રેજીમાં સારા માર્કસ આવશે એવું લાગે છે.

તમે પત્રમાં દિવાળીમાં રજા અંગે મારો શો વિચાર છે એ પૂછ્યું હતું. એ અંગે જણાવવાનું કે આ વર્ષે દિવાળીની રજાઓમાં મારી શાળા તરફથી દક્ષિણ ગુજરાતના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. તેમની ઈચ્છા છે કે હું પણ સાથે જોડાઉં. મારી પણ જવાની અને ઐતિહાસિક સ્થળો જોવાની તીવ્ર ઈચ્છા છે. આ પ્રવાસ ૧૦ દીવસનો છે. રેલ્વે તરફથી અમને કન્સેશન પણ મળવાનું છે. દરેક જગ્યાએ રહેવાની અને જમવાની સારી વ્યવસ્થા પણ છે. અમારી શાળાના ચાર શિક્ષકો બે પટાવાળા પણ અમારી સાથે રહેશે. પ્રવાસનો કુલ ખર્ચ રૂ.૫૦૦૦/– છે. જો તમે ઈચ્છતા હોવ તો હું પ્રવાસમાં નામ નોંધાવું. મમ્મીને મારા વંદન.

લિ.<br>
આપનો આજ્ઞાંકિત પુત્ર<br>
(હેત)

**અથવા**

Ans.35) પ્રસ્તુત પંક્તિમાં પુરુષાર્થનું મહત્વ સમજાવવામાં આવ્યું છે. માણસ જન્મે છે ત્યારે હાથમાં રેખાઓ લઈને જન્મે છે પરંતુ એ રેખાઓ એના જીવનને સફળતા અપાવી શકતી નથી. કોઈની ભાગ્યરેખા લાંબી ઓય તો બેસી રહી અને કામ ન કરે ને વિચારે કે મારી ભાગ્યરેખા લાંબી હોવાથી મારે કંઈ પણ કામ કરવાની જરૂર નથી મને બધી જ સુખ સગવડો મળી રહેશે તો એ તદ્દન ખોટી વાત છે. પણ એ ભાગ્યરેખાને સાચી સાબિત કરવા માટે તો માણસે જાતે જ પરિશ્રમ કરવો પડે છે. તેનો સખત પરિશ્રમ જ તેના ભાગ્યને સફળતા તરફ દોરી જાય છે. ગુજરાતીમાં એમ પણ કહેવાય છે કે બેસેલાનું નસીબ બેસેલું રહે છે ને ઊભા થઈ કામ કરનારનું નસીબ ઊભું થાય છે. આમ, જીવનમાં જે વ્યક્તિ સખત પરિશ્રમ કરે છે તેને જ સફળતા મળે છે.

જેવી રીતે કોઈ કોન્ટ્રાકટર કે એન્જિનિયર મકાન બાંધતા પહેલાં કાગળમાં નકશો તૈયાર કરે છે અને પછી મકાન બાંધે છે પણ જો તે માત્ર કાગળમાં જ નકશો દોરી રાખે ને કોઈને કહે કે આ મકાન છે તો એ વાત કોઈ સ્વીકારતું નથી એ કાગળના નકશામાં આપણે રહી પણ શકતાં નથી, તેના માટે સીમેન્ટ, રેતી, ઈંટો, કપચી વગેરે જેવો સામાન જોઈએ. ઘણાં બધાં માણસોનો શ્રમ જોઈએ અને તો જ મકાન બને છે અને પછી એમાં રહી શકાય છે. આમ, મકાન બાંધવા સતત પુરુષાર્થ કરે, ધન ખર્ચે ત્યારે જ મકાન બાંધી શકાય. આમ આપણે સમજી શકીએ છીએ કે જીવનમાં પરિશ્રમ વિના કંઈ જ મળતું નથી.